## સંક્ષિપ્ત સમાચાર

### ગણદેવીના યુવકનું અકસ્માતમાં મોત

બારડોલી: ગણદેવી તાલુકાના ઇચ્છાપોર ગામે નવદુર્ગા ફળિયામાં રહેતો સુનીલભાઈ ભરતભાઇ હળપતિ (ઉં.વ.28) ગુરુવારના રોજ પોતાની મોટર સાઇકલ નં.(જીજે 21 ડીજી 5799) લઈને નવસારીથી બારડોલી તરફ જતો હતો તે સમયે તરભોણ પાટિયા નજીકથી પસાર થતી વખતે રોડ પર પાર્ક કરેલ કન્ટેનર નં.(જીજે 12 એવાય 3600) નહીં દેખાતાં તેની મોટરસાઈકલ કન્ટેનરમાં ધડાકાભેર અથડાઇ હતી. ત્યારબાદ મોટર સાઇકલ ત્યાંથી પસાર થતી એક કારમાં પણ ભટકાઈ હતી. આ અકસ્માતમાં સુનીલનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

### 32 વર્ષ જૂની ધાડનો આરોપી ઝડપાયો

અંકલેશ્વર: ભરૂચ જિલ્લામાં 32 વર્ષ જૂના ધાડ અને લૂંટના ગુનામાં ફરાર રહેલા વોન્ટેડ આરોપીને વાગરા પોલીસે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. ઝડપાયેલ આરોપી મનસૂ ઉર્ફે મનસુખ જોખા ઉર્ફે દિત્યા પારગી મધ્ય પ્રદેશના ઝાબુઆના થાંદલાના બાલવાસા (કાકણવાડી) ગામનો રહેવાસી છે. આરોપી વિરુદ્ધ વર્ષ-1994 દરમિયાન અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસ મથકે ધાડ અને લૂંટનો ગંભીર ગુનો નોંધાયો હતો. જે અંકલેશ્વર બસ સ્ટેન્ડ વિસ્તાર પાસે ઝડપાયો હતો.

### પલસાણામાં બાઇક સવાર યુવકનું મોત

પલસાણા: પલસાણાના ઇટાળવામાં સર્વોત્તમ હોટલ સામે અજાણ્યા વાહન ચાલકે બાઇક સવાર યુવકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મૂળ ઓરિસ્સાના અને હાલ કણાવ ગામે રહેતા ૩૫ વર્ષીય શ્રમજીવી યુવક ગોરલી ધરમરાજુને ગંભીર ઇજા પહોંચતાં સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

### બારડોલીમાં પાર્કિંગમાંથી બાઇકની ચોરી

બારડોલી: નવસારીના રહેવાસી પ્રણવકુમાર ગુલાબભાઈ પટેલે બારડોલી જૂના બસ સ્ટેશનના પાર્કિંગમાંથી બાઇક ચોરી થયાની ફરિયાદ નોંધાવી છે. ગત તારીખ ૧૫ મે ૨૦૨૬ના રોજ સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં તેમના મોટા ભાઈ મયંકકુમારની માલિકીની બાઇક નં.(GJ-21-AR-8879) કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી નાસી છૂટ્યો હતો.

### વાંદરવેલીમાં ખેતરમાં કેબલ ચોરતો તસ્કર ઝડપાયો

નેત્રંગ: નેત્રંગ-રાજપીપળા રોડ પર આવેલા વાંદરવેલી ગામની સીમમાં સતીષ સોમાભાઈ વસાવાના ખેતરમાં બોર મોટરનો કેબલ કાપી રહેલા તસ્કરને ગ્રામજનોએ ઝડપી લીધો હતો. આંબા પરથી ખેડૂતે તસ્કરને ચોરી કરતા જોઈ જતાં, માતા-પિતા અને ગ્રામજનોને બોલાવી જંગલમાંથી તેને શોધી કાઢ્યો હતો. પકડાયેલા તસ્કરનું નામ નિલેશ રવિયાભાઈ વસાવા (રહે.,હરિપુરા, ઝઘડિયા) છે. નેત્રંગ પોલીસે સતીષ વસાવાની ફરિયાદના આધારે રૂ.૧૩,૨૦૦નો કેબલ, કટર, દાતરડું અને રૂ.૨૫,૦૦૦ની મોટરસાઇકલ મળી કુલ રૂ.૩૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

### હનુમંતિયામાં મોપેડ સ્લિપ થતાં એકનું મોત

સોનગઢ: ગતાડી ગામનો ૨૧ વર્ષીય આર્યન અનિલભાઈ ચૌધરી વ્યારા જનરલ હોસ્પિટલના નવા બિલ્ડિંગમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. જે બપોરે નોકરી પૂરી કરી બનેવીની સુઝુકી એક્સેસ મોપેડ નં.(GJ 26 AH 0903) લઈને સોનગઢના હનુમંતિયા ગામની સીમમાં થી પસાર થતો હતો. દરમિયાન ટીચકીયાથી હનુમંતિયા રોડ પર વળાંક પાસે મોપેડ પૂરઝડપે હોવાને કારણે આર્યને કાબૂ ગુમાવ્યો હતો અને વાહન સ્લિપ થઈ ગયું હતું. અકસ્માતમાં મોંના ભાગે ગંભીર ઈજા થતાં અતિશય લોહી વહી જવાથી આર્યનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. સોનગઢ પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### પાનોલીમાં ટ્રેક્ટર અડફેટે બાળકનું મોત

અંકલેશ્વર: પાનોલીના સર્વિસ રોડ પર બુધવારે સાંજે સાઇકલ ચલાવી રહેલા ૧૨ વર્ષીય બાળક ઈબરાર શેખ (મૂળ બિહાર અને હાલ પાનોલી)નું ટ્રેક્ટર નં. (જીજે-16-સીએન-7853)ની અડફેટે આવતાં મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. પોલીસે મૃતકના પરિવારની ફરિયાદના આધારે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બારડોલીના ઈસરોલી ગામે મંદિરમાં બે જૂથ વચ્ચે છૂટા હાથની મારામારી

**વિડીયો** વાઇરલ, રાજકીય અને સહકારી આગેવાને સમાધાન કરાવી લેતાં મામલો થાળે પડ્યો



બારડોલી: બારડોલી તાલુકાના NRI ગણાતા ઈસરોલી ગામે થોડા દિવસ પહેલા મંદિરમાં ગામના જ બે જૂથ વચ્ચે છૂટા હાથની મારામારી થઈ હતી. જેનો વિડીયો વાઈરલ થતાં આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બની ગયો છે. આ મામલે સ્થાનિક રાજકીય અને સહકારી આગેવાને સમાધાન કરાવી લેતાં મામલો થાળે પડ્યો હતો. બારડોલી તાલુકાના ઈસરોલી ગામમાં થોડા દિવસ પૂર્વે મંદિરમાં ગ્રામજનોએ એક ઓપચારિક મિટિંગનું આયોજન કર્યું હતું. જેમાં કોઈક મુદ્દાને લઈને બે જૂથ વચ્ચે મતભેદ થતાં મામલાએ બોલચાલી સાથે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને મંદિર પરિસરમાં જ બે પક્ષો સામસામે મારામારી પર ઊતરી આવ્યા હતા. આ ઝઘડો કોઈ અંગત કારણોસર થયો હોવાનું જાણવા મળી રહ્યું છે. એક બીજાને છૂટા હાથથી માર મારી રહ્યા હોવાનો વિડીયો સોશિયલ મીડિયા પર ફરતો થતાં સમગ્ર મામલો ઉજાગર થયો હતો. જો કે, તે જ દિવસ બારડોલીના એક રાજકીય અને સહકારી આગેવાનની દરમિયાનગીરીથી મામલો શાંત થયો હતો અને પોલીસ સુધી પહોંચ્યો ન હતો. ઘટનાના થોડા દિવસ બાદ આ મારામારીનો વિડીયો ઝડપભેર વાઈરલ થતાં લોકોમાં ભારે ચર્ચાઓ ચાલી રહી છે. આ મારામારી કયા મુદ્દાને લઈને થઈ તે હજી જાણી શકાયું નથી. એનઆરઆઇ ગામ હોવાથી આ વિડીયો વિદેશમાં પણ એટલો જ વાઈરલ થતાં લોકો આ મામલે વિદેશથી પણ તેમના સંબંધીઓને પૃચ્છા કરી રહ્યા છે.

## મોરથાણાના મારબેલા ફાર્મમાં દારૂ પીતા 11 પકડાયા

કામરેજ: મોરથાણામાં મારબેલા ફાર્મમાં દારૂની પાર્ટી પર કામરેજ પોલીસે રેડ કરી 11 દારૂડિયાની ધરપકડ કરી હતી. જ્યારે ફાર્મના માલિક અને સંચાલક સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો હતો.

કામરેજના મોરથાણા ગામની હદમાં આવેલા મારબેલા ફાર્મ નં.25 દારૂની મહેફિલ થઈ રહી હોવાની માહિતી કામરેજ પીઆઇ રામ ગોજીયાને મળતાં સ્ટાફ સાથે રેડ કરતા અલગ અલગ કંપની વિદેશી દારૂની બોટલ સાથે વિશાલભાઈ મનુભાઈ રાઠોડ (ઉં.વ.28 રહે., સુરતી ઝાંપા લિનિયર બસ સ્ટેશનની બાજુમાં, તા.બારડોલી), રીમ્પેશભાઈ ગીરીશભાઈ પટેલ (ઉં.વ.33 રહે.,ઘર-104 રત્નકળશ એપાર્ટમેન્ટ તેન), પુષ્પકભાઈ ઉત્તમભાઈ ધુલે(ઉં.વ.35 રહે.,ઘર-બી-45 આનંદ પાર્ક સોસાયટી, તેન), સાગરભાઈ રાવજીભાઈ ગોહીલ (ઉં.વ.33 રહે., ઘર-બી.36 આનંદ પાર્ક સોસાયટી, તેન), મિરલભાઈ મુકેશભાઈ રાઠોડ (ઉં.વ.29 રહે.,આનંદ પાર્ક સોસાયટી, તેન), જિગ્નેશભાઈ મનસુખભાઈ જોશી (ઉં.વ 39 રહે., ઘર નં.49 વેલેસન વિલા, બારડોલી), સ્મીતભાઈ જયેશભાઈ ભંડારી (ઉં.વ.25 રહે. ઘર નં.69 આનંદ પાર્ક સોસાયટી, તા.બારડોલી), મોસીન ઝમિલ પઠાણ(ઉં.વ.35 રહે., સુરતી ઝાંપા લિનિયર બસ સ્ટેશન, તા.બારડોલી), મિતભાઈ હરીશભાઈ પવાર (ઉં.વ.23 રહે.,ઘર નં.104 આનંદ પાર્ક સોસાયટી, તેન), સાહિલભાઈ ચિંતુભાઈ ગૌર (ઉં.વ.20રહે.ઘર નં.302, આનંદ પાર્ક સોસાયટી, તેન), ફિરોઝ રફિક શેખ (ઉં.વ.32 રહે.,સુરતી ઝાંપા લિનિયર બસ સ્ટેશન)ને પકડી પાડવામાં આવ્યા હતા.

જ્યારે ફાર્મના માલિક પ્રતીક રાજુભાઈ સોની (રહે.,મોટા વરાછા) અને ફાર્મ ભાડે લેનાર મુકેશભાઈ કડવાભાઈ ભુવા(ઉં.વ.50 રહે.ઓમ રેસિડેન્સી ખડસદ) વિરુદ્ધ જાહેરનામા ભગનો કેસ કરવામાં આવ્યો હતો.

## ‘નર્મદા જિલ્લામાં દારૂથી યુવાધન બરબાદ થાય છે, સાહેબ બચાવી લેજો’

**ભાજપ** સાંસદ મનસુખ વસાવાએ ગૃહમંત્રીને લેખિત રજૂઆત કરી

સાગબારા, રાજપીપળા: ગુજરાતમાં દારૂબંધીના ઢંઢેરા વચ્ચે ભાજપના સાંસદ મનસુખ વસાવાએ પોતાની જ સરકાર સામે ‘લેટર બોમ્બ’ ફોડી દીધો છે. રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને લખેલા પત્રમાં તેમણે નર્મદા જિલ્લામાં ચાલી રહેલા ગેરકાયદે દારૂ અને જુગારના અડ્ડાઓનો પર્દાફાશ કરતાં ગુજરાતનું રાજકારણ ગરમાઈ ગયું છે.

સાંસદ વસાવાએ પત્રમાં આક્ષેપ કર્યો છે કે, મહારાષ્ટ્ર બોર્ડરથી સાગબારા થઈને નર્મદા જિલ્લામાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યો છે. આ સમગ્ર રૂટ પર આવતા તમામ પોલીસ સ્ટેશનના PSI સ્તરના અધિકારીઓ સીધા સંડોવાયેલા છે. સાગબારા અને ડેડિયાપાડા પોલીસ સ્ટેશનના કર્મચારીઓનો સંચાર પણ આ નેટવર્ક સાથે જોડાયેલો હોવાનું તેમણે જણાવ્યું હતું. નર્મદામાં ઘુસાડાયેલો દારૂ આગળ ઉમલ્લા, રાજપારડી, કરજણ અને શિનોર સુધી હોલસેલ મોકલવામાં આવે છે. સાંસદે સ્પષ્ટ કહ્યું કે પોલીસ અને સ્થાનિક રાજકીય નેતાઓની છત્રછાયા વિના આટલું મોટું નેટવર્ક ચાલવું અશક્ય છે. વસાવા માત્ર આક્ષેપો કરીને અટક્યા નથી, પરંતુ તેમણે નર્મદા પોલીસના કેટલાક ભ્રષ્ટ કર્મચારીઓના નામોની યાદી પણ ગૃહમંત્રીને સોંપી દીધી છે. ઉપરાંત, તેઓ નર્મદા જિલ્લા પોલીસ વડા (SP)ને રૂબરૂ મળીને પુરાવા સાથે કાર્યવાહીની માંગણી કરી ચૂક્યા છે.

પત્રના અંતે ભાવુક અપીલ કરતાં સાંસદે લખ્યું, “નર્મદા અને આજુબાજુના વિસ્તારોમાં દારૂના કારણે સ્થાનિક યુવાધન બરબાદ થઈ રહ્યું છે. ગમે તેમ કરીને આ યુવાધનને બચાવી લેજો સાહેબ.” ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદા હોવાના દાવા વચ્ચે સત્તાધારી પક્ષના જ સાંસદે પોતાની પોલીસ અને નેતાઓ સામે આવો ખુલ્લો મોરચો માંડતાં વહીવટી તંત્ર અને પોલીસ બેડામાં હડકંપ મચી ગયો છે. હવે ગૃહમંત્રી હર્ષ સંઘવી શો જવાબ આપે છે અને કેટલા PSI સસ્પેન્ડ થાય છે, તે સૌની નજર છે.

## યુપીએલ યુનિવર્સિટી અને ગૂગલ ક્લાઉડના સહયોગથી ‘ડિજિટલ કેમ્પસ 3.0’ લોન્ચ

ભરૂચ: ગુજરાતની ઉદ્યોગલક્ષી શિક્ષણ માટે જાણીતી વટારીયાની યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી (UPL University) એ વૈશ્વિક ટેક્નોલોજી કંપની ગૂગલ ક્લાઉડ (Google Cloud) સાથે ભાગીદારી કરીને ‘ડિજિટલ કેમ્પસ ઓન ગૂગલ ક્લાઉડ 3.0’નો શુભારંભ કર્યો છે. આ પહેલ શિક્ષણ પદ્ધતિને AI-સક્ષમ અને ડિજિટલ રીતે અદ્યતન બનાવવાની દિશામાં એક મોટું પગલું ગણાઈ રહ્યું છે.

વિદ્યાર્થીઓ-શિક્ષકોને મળશે GenAI અને ક્લાઉડ ટ્રેનિંગ મળશે. આ ડિજિટલ ક્રાંતિ હેઠળ યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને જનરેટિવ AI ટૂલ્સ, ગૂગલ વર્કસ્પેસ પ્લસ અને ક્લાઉડ કોમ્પ્યુટિંગ ટેક્નોલોજીનું સીધું એક્સપોઝર મળશે. ખાસ કરીને કોમ્પ્યુટર એન્જિનિયરિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને આઈટી શાખાના વિદ્યાર્થીઓને આ તાલીમ વૈશ્વિક ઉદ્યોગોની માંગ અનુસાર ‘ઈન્ડસ્ટ્રી-રેડી’ બનાવશે. યુપીએલ કેમ્પસનાં મુખ્ય આકર્ષણો અને લાભો મળશે કે ગૂગલ ક્લાઉડ ગ્લોબલ સર્ટિફિકેશન: વિદ્યાર્થીઓ ACE (Associate Cloud Engineer) અને CDL (Cloud Digital Leader) જેવા વિશ્વસનીય માન્ય સર્ટિફિકેટ કોર્સ કરી શકશે, જેનાથી પ્લેસમેન્ટ અને કારકિર્દીની તકો વધશે. NotebookLM સુવિધામાં બહુભાષીય Q|A, ઓટોમેટેડ નોટ્સ અને સ્માર્ટ સમરી જેવી સુવિધાઓ મળશે.

## સંક્ષિપ્ત સમાચાર

### લગ્નપ્રસંગમાં કડોદના વેપારીનો મોબાઈલ હેક કરી ઓનલાઈન ઠગાઈ

બારડોલી: કડોદ ગામના ‘રાજસ્થાન હેર આર્ટ’ના દુકાનદાર દર્શનકુમાર ગોયલ ગત ૭ મેના રોજ એક લગ્નપ્રસંગમાં ગયા હતા. ત્યાં બપોરે સીસીટીવી ચેક કરવા મોબાઈલ જોતાં જ ફોન આપમેળે અપડેટ થવા લાગ્યો હતો અને અડધા કલાક પછી રીસ્ટાર્ટ થતાં જ તમામ ડેટા ડીલીટ થઈ ગયો હતો. સાંજે જી-મેઈલ લોગઈન કરી એમેઝોન એપ ખોલતાં જ તેમની જાણ બહાર ખરીદાયેલા અનેક ગિફ્ટ વાઉચર જોવા મળ્યાં હતાં. અજાણ્યા ઠગે વાયરસ દ્વારા ફોનનું રીમોટ એક્સેસ મેળવી એમેઝોન એપમાં સેવ કરેલા ત્રણ ક્રેડિટ કાર્ડ અને બેંક ખાતામાંથી યુપીઆઈ દ્વારા કુલ ૪,૫૭,૫૦૦ ઉપાડી લીધા હતા. આ અંગે સાયબર હેલ્પલાઇન અને બારડોલી રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પી.આઈ. પી.એન. જાડેજાએ આગળની તપાસ હાથ ધરી છે.

### વ્યારામાં છકડો રિક્ષાની અડફેટે 52 વર્ષીય આધેડનું મોત

વ્યારા: વ્યારા નગરમાં જનક સ્મારક હોસ્પિટલ સામે આવેલા જાહેર શૌચાલયના રૂમમાં રહેતા અનિલકુમાર રામદયાલભાઈ સિંહ (ઉં.વ.52) ગત ગુરુવારે સવારે વ્યારાના તાડકૂવા ગામમાં આવેલી હોસ્પિટલમાંથી સફાઈકામ પતાવી સોનગઢ-વ્યારા જૂના હાઇવે થઇ ચાલતા ચાલતા જનક સ્મારક હોસ્પિટલ પાસે શૌચાલય તરફ આવતા હતા. તે વખતે સોનગઢ તરફથી આવતા છકડો રિક્ષા નં.(જીજે-26-ટી-1596)ના ચાલક રાકેશ ગામીતે ગફલતભરી રીતે રિક્ષા હંકારી લાવી પાછળથી ટક્કર મારતાં અનિલ કુમારને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજા થઇ હતી. દરમિયાન અનિલ કુમારને પ્રાથમિક સારવાર જનરલ હોસ્પિટલમાં કરાવી સુરત ખાતે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરતાં સારવાર દરમિયાન મોત અનિલ કુમારનું મોત થયું હતું.

### રાજપીપળામાં ઠગાઈ કરનાર બેની ધરપકડ

રાજપીપળા: રાજપીપળા સાયબર ક્રાઈમ ટીમે લોભામણી સ્કીમ આપી ઠગાઈ આચરતા રતનભાઈ રામજીભાઈ ખટીક (રહે., રાજનગર) અને IDFC બેંકના કર્મચારી કિશનસિંહ રણવીરસિંહ પાંજરોલિયા (રહે., રાજપીપળા)ની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી રતનભાઈ લોકોને લાલચ આપી પોતાના IDFC બેંક ખાતામાં નાણાં નંખાવતો હતો. બેંક કર્મચારી કિશનસિંહ પોતાના આર્થિક લાભ અને કમિશનની લાલચે આ કાવતરામાં સામેલ હતો. તે ચોરીનાં નાણાં હોવાની જાણ હોવા છતાં, એકાઉન્ટ કિટ સહિતની વિગતો સાયબર ફ્રોડ કરનારા અન્ય સાગરીતો સુધી પહોંચાડી નાણાં ટ્રાન્સફર કરવામાં મદદ કરતો હતો. સાયબર ક્રાઈમના પોલીસ ઇન્સ્પેક્ટર કે.જે.મકવાણાએ આ કૌભાંડ પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

## જાહેરનામું

ગુજરાત સરકાર મહેસુલ, વિભાગ સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩)
(૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લો: ડાંગ — તા. 22 DEC 2025

ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૯૪ -જડગ-૧૪૨૦૨૪-૮૧૧-ઘ

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)ની કલમ-૧૧ની પેટા કલમ-(૧) હેઠળ (હવે પછી તેનો “સદરહુ અધિનિયમ” તેમ ઉલ્લેખ કરવામાં આવશે.) ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં બતાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે “ચીખલી-સાપુતારા રોડ(SH-૧૫) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા”ના પ્રોજેક્ટ માટે જરૂર છે.

૨. આથી જાહેર કરે છે કેઃ

(૧) ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન કુલ ક્ષેત્રફળ હે. ૦૨-૨૭-૬૩.૩૩ ચો.મી. છે અને તે મોજે. આંબાપાડા(સાકરપાતળ) તા. વઘઈ જિ. ડાંગ માં આવેલ છે.

(2) ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે. “ચીખલી-સાપુતારા રોડ(SH- ૧૫) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા”ના આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટે.

(3) અસરગ્રસ્ત વ્યક્તિઓને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છે. “ચીખલી-સાપુતારા રોડ(SH-૧૫) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા” માટે અનુસુચિત વિસ્તારની જમીન સંપાદનન કારણે.

(૪) સામાજિક અસરોના મુલ્યાંકન અહેવાલ સંક્ષિપ્તમાં નીચે મુજબ છે. ગુજરાત અધિનિયમ-૧૨/૨૦૧૬ની કલમ-૧૦(એ) હેઠળ મહેસુલ વિભાગના ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૩૩૪- જડગ-૧૪૨૦૨૪-૮૧૧-ઘ, તા. ૨૪/૦૭/૨૦૨૪ થી મુક્તિ આપવામાં આવેલ છે. અધિનિયમની કલમ-૧૦(એ) હેઠળ સામાજિક અસરોના મુલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.

(૫) અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે. નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ .

૩. આ જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે કોઈ પણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરવા અટકાવવા નહી. આ જાહેરનામુ બહાર પાડ્યા કલેક્ટરની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઈ ભાગની કોઈ પણ સ્વરૂપે તબદીલી જેમાં વેચાણ, ભાડા પટ્ટે આપવી, ગીરવે મુકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા નહીં. જો તેમ કરવામાં આવે તો અધિનિયમની કલમ-૨૭ હેઠળ જમીન સંપાદનના વળતરનું મૂલ્યાંકન કરતી વખતે આવા ફેરફાર પર વિચારણા કરવામાં નહી આવે.

૪. ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો સદરહું અધિનિયમની કલમ-૧૯ હેઠળ, અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદામાંની અંદર આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પુરેપુરી રીતે રદ કરવામાં આવે તો હકીકત અધિનિયમની જોગવાઈ યોગ્ય રીતે જાહેર કરવાની રહેશે. તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પુર્ણતઃ જતું કર્યુ હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૫. સદરહું અધિનિયમની કલમ- ૩ (જ) હેઠળ મળેલ સત્તાની રૂએ નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ને અધિનિયમની જોગવાઈઓ હેઠળ આ જમીનો માટે કલેક્ટર તરીકે ફરજો બજાવવા માટે નિયુક્ત કરે છે.

૬. આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી ૬૦ દિવસની અંદર અધિનિયમની કલમ-૧૫ મુજબ જો કોઈને સંપાદન બાબતે વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ને રજુઆત કરી શકશે.

અનુસૂચિ

| જિલ્લોઃ ડાંગ | તાલુકોઃ વઘઈ | મોજે. આંબાપાડા (સાકરપાતળ) |
|---|---|---|
| ક્રમ | સર્વે નંબર | ક્ષેત્રફળ (હે.આરે. ચો.મી.) |
| ૧ | ૧૬ | ૦૦-૦૨-૭૨.૪૭૯૯ |
| ૨ | ૧૮ | ૦૦-૧૬-૧૨.૦૮૨૯ |
| ૩ | ૨૧ | ૦૦-૨૦-૪૧.૭૦૯૨ |
| ૪ | ૨૫ | ૦૦-૦૭-૭૭.૨૪૭૨ |
| ૫ | ૨૮ | ૦૦-૨૮-૮૮.૯૦૨૭ |
| ૬ | ૩૪ | ૦૧-૦૧-૬૦.૪૯ |
| ૭ | ૫૮ | ૦૦-૦૪-૨૩.૮૯૪૬ |
| ૮ | ૫૯ | ૦૦-૧૮-૩૬.૧૪૦૩ |
| ૯ | ૬૧ | ૦૦-૦૧-૧૯.૨૫૨૯ |
| ૧૦ | ૬૨ | ૦૦-૦૦-૦૬.૫૩૬૯ |
| ૧૧ | ૭૫ | ૦૦-૦૦-૫૫.૫૨૪૭ |
| ૧૨ | ૭૬ | ૦૦-૧૧-૯૩.૪૧૯૫ |
| ૧૩ | ૭૭ | ૦૦-૦૩-૬૯.૪૧૬૧ |
| ૧૪ | ૭૮ | ૦૦-૦૮-૮૯.૭૩૨૪ |
| ૧૫ | ૭૯ | ૦૦-૦૧-૧૬.૫૦૦૭ |
| કુલ | | ૦૨-૨૭-૬૩.૩૩ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
ક્રમાંકઃમાહિતી/ડાંગ/૩૧/૨૦૨૬

(રોજ નમેરા)
સરકારના ઉપ સચિવ

## સુડોકુ - ૬૫૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૯ | ૫ | | ૩ | | | ૬ |
| | ૮ | | ૯ | ૧ | | | ૭ | |
| | | ૫ | | | | | ૧ | ૯ |
| ૮ | ૩ | ૪ | ૨ | | ૫ | ૭ | | ૧ |
| ૯ | | | ૮ | | ૧ | | ૫ | ૪ |
| | ૨ | | ૭ | ૪ | | | ૩ | ૮ |
| | ૯ | | ૧ | ૬ | | | ૪ | ૩ |
| ૭ | | ૬ | | | ૯ | | ૮ | |
| | ૫ | ૩ | ૪ | ૨ | | ૬ | | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોલમ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ગૂમડા

પુત્રંજીવા એક વૃક્ષનુ નામ છે જે જીયાપોતા નામે પણ ઓળખાય છે. એના બીજની મીંજ કાઢી એનો લેપ કરવાથી ગૂમડા ની પીડા મટે છે. ભગંદર જેવા વ્યાધિ પર લેપ ઉપરાંત ત્રિફલા ગુગળ ની બે બે ગોળી સવાર સાંજ લેવી.

## શબ્દગુંફન - ૭૨૨૭

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. એક નાનું વગડાઉ પંખી (૫)
૫. દીવો, દીપક (૨)
૭. તરફદારી (૪)
૮. અધીરાઈનું આકળાપણું (૪)
૧૦. જાનવર, જનાવર (૨)
૧૧. વિક્રમ સંવતનો એક મહિનો (૨)
૧૨. શરીરની અંદર થતી પીડા (૪)
૧૪. લગ્નની મોસમ (૫)
૧૯. હેરાનગતિ (૪)
૨૧. વિદાયગીરી (૪)
૨૪. તંતુ, દોર (૨)
૨૫. ધૂન, મસ્તી (૨)
૨૭. નસીબ, કિસ્મત(૪)
૩૦. તેજ, ભપકો (૩)
૩૨. મૃત્યુના દેવ (૨)
૩૩. હવા, વાયુ (૩)
૩૪. સૈન્ય, છાવણી (૩)

**ઊભી ચાવી**

૧. મિત્ર (૨)
૨. ઘોડેસવાર પલટણ (૩)
૩. વિનાનું, વગરનું (૩)
૪. ઘોડેસવાર લશ્કર (૪)
૬. કુહાડી, ફરશી (૩)
૮. સ્નેહ, પ્રીત (૩)
૯. પવિત્ર, શુદ્ધ (૩)
૧૦. પારકું, અન્ય (૨)
૧૨. કુદરતી બરફના કકડા (૨)
૧૩. પુત્ર (૩)
૧૫. ઊંડું, ગાઢું (૩)
૧૬. એક ને પા (૨)
૧૭. ટોચ, છેડો (૨)
૧૮. ભાઈ (૨)
૧૯. પાછું (૩)
૨૦. ખબર, હુકમ (૩)
૨૨. વગાડવું તે (૩)
૨૩. ‘સીતા ઔર...’ (૨)
૨૬. આંખ (૩)
૨૮. છળ, પ્રપંચ (૩)
૨૯. નકામું, બાદ કરેલું (૨)
૩૦. ગુસ્સો, આવેગ (૨)
૩૧. પ્યાલો (૨)

## આજનું પંચાંગ

**તા.23/05/2026, શનિવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : અધિક જેઠ
**તિથિ**: સુદઃ આઠમઃ 28:28- દુર્ગાષ્ટમી
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક** : જૈઠઃ 02
**યોગ** : ધ્રુવ **કરણઃ** વિષ્ટી
**નક્ષત્ર** : મઘાઃ- 26:10
**રાશિઃ** સિંહ (મ.ટ.)
**દિવસ** : અશુભ- બુધનો પશ્ચિમમાં ઉદય
**સુરતમાં સૂર્યોદય** : 06:00 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:11
**નવકારસી** : 06:48
**પારસી વર્ષ** : 1395 દએ માસનો 12મો રોજ
**મુસલમાન વર્ષ** : 1447 જિલ્હેજ માસનો 05મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
**રાત્રિનાં ચોઘડિયાંઃ** લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ** : સવારેઃ- 09:30 થી 11:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** માનસિક અશાંતિ સતાવે. આર્થિક વ્યવહારમાં ઉતાવળ કરવી નહી. પ્રેમમાં ગેરસમજથી અવિશ્વાસ વધે.

**વૃષભ (બ,વ,ઉ,):** બહારના કામનો બોજ વધે. ઘરમાં વડીલોની સમસ્યા સતાવે. પડવા-વાગવાથી સાવધાન રહેવું.

**મિથુન (ક,છ,ઘ,):** વધુ પડતો આત્મવિશ્વાસ ઉતાવળિયા બનાવે. ભુલોથી નુકસાન થાય. મિત્રો સાથે વિવાદ થાય.

**કર્ક (ડ,હ,):** વાણી પર કાબૂ રાખવો. ઘરમાં તાલમેળ ઓછો રહે. અચાનક ખર્ચા વધશે.

**સિંહ (મ,ટ,):** પડવા-વાગવાથી સાવધાન રહેવુ. સમાજમાં અપયસ મળે. નોકરીમાં અશાંતિ વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. ખર્ચા વધે. સામાજિક પ્રશ્નો સતાવે. અણગમતા સમાચાર મળે.

**તુલા (ર,ત,):** ઈર્ષાળુ મિત્રોથી સાવધાન. સંતાનોની સમસ્યા સતાવે. પ્રેમમાં અશાંતિ વધે. મનોરંજન પ્રવાસ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** નોકરી-ધંધામાં જવાબદારી વધે. વડીલો સાથે ઘર્ષણ થાય. સ્ત્રી વર્ગથી પરેશાની આવી શકે છે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આરોગ્ય નરમ રહે. ધાર્મિક પ્રસંગમાં જવાનું બને. આવક વધે. શુભ સમાચાર મળે.

**મકર (ખ,જ,):** વિશ્વાસઘાતથી સાવધાન. આધ્યાત્મિક શાંતિ મળે. વીલ-વારસા બાબતે સાવધાની રાખવી.

**કુંભ (ગ,સ,શ,ષ,):** રોજના કામમાં શાંતિ મળે. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. દાંપત્ય જીવનમાં અશાંતિ પેદા થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** નોકર-ચાકરથી સાવધાન આરોગ્યની સમસ્યા સતાવે. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું.

## કોઈ પણ સાલમાં 23 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ અને નવી જવાબદારી વધારનાર રહેશે. નોકરી-ધંધા-પ્રવાસમાં હરીફો-પરેશાન કરે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા રહે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્યમ વર્ગમા પાર પડે. ઉમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનો કામ ધીમાં પડે. સંતાનોના અભ્યાસ કેરિયરમાં સામાન્ય રહે. ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાનું બને. વારસા, જાયદાદ, જમીનનો કામ ધીમાં પડે. મિત્રો-વડીલોની મદદ આવક વધારવામાં મળે. યાત્રા, પ્રવાસ, ધર્મ-કર્મ થાય. મે-જૂન તથા ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર 5,14,23 તારીખે નવાં કામ કરતાં રહેવુ. લીલાં રંગનો ઉપયોગ કરવો. જૂન-જુલાઈ, શનિવાર 7,16,25 તારીખે નવાં કામ ટાળવાં. કાળો અને લાલ રંગ ઓછો વાપરવો. બુધવારના ઉપાય કરતાં રહેવું.